| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધીકારી દ્વારા**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**<br>**અમદાવાદ શહેર (P.R.O.)**<br>**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**<br>**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૧૭/૦૯/૨૦૨૩ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૩૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૮૧ લીટર દેશી દારૂ, ૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૭૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૮ બિયર ટીન અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૩૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૫૩૭/૨૦૨૩

**ઓઢવઃ** યોગેશભાઇ કચ્ચરસિંહ રાઠોડ (રહે.મંગલમપાર્ક સોસાયટી, ઇન્દીરાપાર્ક સોસાયટીની બાજુમાં આદીનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૯/૨૦૨૩ રાતના ૯/૩૦ થી તા.૧૬/૦૯/૨૦૨૩ સવારના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, પટારામાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૬૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**નારોલઃ** સમીરભાઇ અલીમભાઇ મંન્સુરી (રહે.આયશા ડુપ્લેક્ષ, ખ્વાજાનગર આકૃતી ટાઉનશીપ પાછળ નારોલ) એ તાઅ.૧૬/૦૯/૨૦૨૩ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૯/૨૦૨૩ રાતના ૦૦/૩૦ થી ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૧૮,૫૦૦/- મતાના ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

**સોનાની ચેઇન ઝુટવી લઈ નાસી ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૮/૨૦૨૩**

**ચાંદખેડાઃ** કાકોલીબહેન વા/ઓ ગોપાલ પોલ (ઉ.વ.૪૫)(રહે.સાંઇ સીમરન રેસીડેન્સી, ફાયર સ્ટેશન પાસે, ટી.પી-૪૪, ચાંદખેડા) એ તા.૧૬/૦૯/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૨૩ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે કાકોલીબહેન ચાંદખેડા ટી.પી-૪૪ સ્ફાયર પાર્ટી પ્લોટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ કાકીલીબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેન્ડલ સાથે કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૯/૨૦૨૩**

**વટવાઃ** ચંદનભાઇ અજિતભાઇ ગૌતમ (ઉ.વ.૩૫)(રહે.કુશલ આવાસ વિભાગ-૨ પટેલ રાઇસ મીલ પાછળ વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૯/૨૦૨૩ રાતના ૦૦/૩૦ વાગ્યાના સુમારે રોપડા બ્રિજની બાજુમા રાઘે હોમ્સ ફ્લેટ પાસે “દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઇન્ફ્રાકોન પ્રાઇવેટ લીમીટેડ” ખાતે નોકરી કરતા સ્ટોર ઇન્ચાર્જ દિપક ઓમપ્રકાશ તિવારી, સુપર વાઇજર રાહુલ પૃથ્વીરાજ જાટ, સ્ટોર રૂમમા કામ કરતા સુરેશ રુપસિંગ આચાર્ય અને ટ્રક ડ્રાઇવર અજીત રામબ્રિજ સિંગ નાઓએ ભેગામળી “દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઇન્ફ્રાકોન પ્રાઇવેટ લીમીટેડ” ના યાર્ડમાંથી લોખંડની પાઇપનો ગેટ પાસ બનાવી, આઇસર ટ્રકમાં ટાટા અને જીંદાલ તથા અન્ય કંપનીના કુલ પાંચ ટન સળિયા કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- અને લોખંડની પાઇપ ૬૦૦ કિલો કિમત રૂપિયા ૪૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૪૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** ગીતાબહેન વા/ઓ રાજેશભાઈ નાઈ (ઉ.વ.૪૭)(રહે.સેકટર-૪-બી, ગાંધીનગર) એ તા.૧૬/૦૯/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૯/૨૦૨૩ બપોરના ૩/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન સરગાસણ ચાર રસ્તા ગાંધીનગર થી અમદાવાદ પકવાન ચાર રસ્તા સુધીની ઇકો કારની મુસાફરી દરમ્યાન ઈકો કારમાં બેસેલ એક સ્ત્રી અને બે પુરૂષોએ ભેગા મળી ગીતાબહેનની નજર ચુકવી ગીતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૫,૦૦૦/- ચોરી કરી લઇ ગીતાબહેનને કારમાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ધર્મિષ્ઠાબહેન લીંબાભાઈ ચલાવે છે.

**ઓઢવઃ** નિમેષભાઇ જયંતીભાઇ જોષી (ઉ.વ.૫૨)(રહે.શિવમ બંગ્લોઝ શોબો સેન્ટર સામે એસ.પી. રિંગ રોડ સાઉથ બોપલ) એ તા.૧૬/૦૯/૨૦૨૩ બપોરના ૧/૧૫ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ સિંગરવા કઠવાડા બેંક ઓફ બરોડા સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ નિમેષભાઇ જોષીએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ક્રિશ્ચિયન ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૦/૨૦૨૩**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** શિલ્પાબહેન જીગરભાઇ પ્રભાકર (ઉ.વ.૩૫)(રહે.બાલમુકુન્દ ફ્લેટ મજુરગામ ચાર રસ્તા ગીતામંદીર રોડ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૯/૨૦૨૩ રાતના ૮/૩૫ વાગ્યાના સુમારે રીવરફ્રન્ટ ખોડીયરનગર ખાતે નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**માધવપુરાઃ** દીપસીંગ મુલસીંગ રાજપુત (ઉ.વ.૨૮)(રહે.ગુપતપુરાની ચાલી હાજીપુરા ગાર્ડન સામે માધુપુરા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૯/૨૦૨૩ બપોરના ૧૨/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગતાભાઇ ધુડાભાઇ ચલાવે છે.

**દરીયાપુરઃ** કુપારામ પ્રભુરામજી દેવાશી (ઉ.વ.૩૧)(રહે.મંગલભવન, ધરમચંદનો ખાંચો, ભંડેરીપોળ, દરીયાપુર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૯/૨૦૨૩ સાંજના ૭/૪૫ વાગ્યા પહેલા ભાડાના રહેણાંક મકાનમાં પંખા સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હિરેનકુમાર નરસિંહભાઇ ચલાવે છે.

**રામોલઃ** ગુડ્ડુભાઇ રામઅવતારસિંહ ભદોરીયા (ઉ.વ.૪૮)(રહે,શિવપાર્ક સોસાયટી કેનાલ પાસે રામરાજયનગર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૯/૨૦૨૩ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૯/૨૦૨૩ સાંજના ૭/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી